# India protests announcement of Elections in "Gilgit - Baltistan"

September 29, 2020

## “ગિલગિટ-બાલ્ટિસ્તાન” માં ચૂંટણીઓની જાહેરાતનો ભારત વિરોધ કરે છે

સપ્ટેમ્બર 29, 2020

અમે કથિત “ગિલગિટ-બાલ્ટિસ્તાન” ધારાસભાની ચૂંટણીઓ 15 નવેમ્બર, 2020 નાં રોજ યોજવાની જાહેરાત સંબંધિત અહેવાલો જોયા છે. ભારત સરકારે પાકિસ્તાનની સરકારને પ્રબળ વિરોધ પાઠવ્યો છે અને પુનઃઉચ્ચારણ કર્યું છે કે કથિત ગિલગિટ અને બાલ્ટિસ્તાન સહિત સમગ્ર જમ્મુ અને કાશ્મિર અને લદાખ કેન્દ્રશાસિત પ્રદેશો 1947 માં તેઓનાં રાજ્યારોહણનાં નાતે ભારતનો અખંડ ભાગ છે. પાકિસ્તાન સરકાર તેનાં દ્વારા ગેરકાયદેસર રીતે અને બળજબરીપૂર્વક કબ્જો જમાવવામાં આવેલા પ્રદેશો પર કોઈ અધિકાર ધરાવતી નથી.

ભારત સરકારે તાજેતરમાં લેવામાં આવેલા પગલાઓને પણ સંપૂર્ણ રીતે નકાર્યા છે, જેમ કે કથિત “ગિલગિટ-બાલ્ટિસ્તાન (ચૂંટણીઓ અને કાર્યકારી સરકાર) સુધારા હુકમ 2020” અને પાકિસ્તાની સંસ્થાપના દ્વારા ગેરકાયદેસર અને બળજબરીપૂર્વક તેનાં કબ્જામાં લીધેલા ક્ષેત્રોમાં મહત્વનાં ફેરફારો લાવવાનાં સતત પ્રયાસો. આનાં જેવા પગલાઓ જમ્મુ અને કાશ્મિર અને લદાખ કેન્દ્રશાસિત પ્રદેશોનાં ભાગોનાં પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર કબ્જાને કે પાછલા સાત દાયકાઓથી પાકિસ્તાનનાં કબજામાં રહેલા પ્રદેશોમાં રહેતા લોકોનાં ગંભિર માનવ અધિકારોનાં ઉલ્લંઘનો, શોષણ અને આઝાદી છીનવી લેવાની બાબતને સંતાડી શકતા નથી. આ કોસ્મેટિક કસરતો છે જેનો ધ્યેય તેનાં ગેરકાયદેસરનાં કબ્જાને ઢાંકવાનો છે. અમે પાકિસ્તાનને તેનમાં ગેરકાયદેસર કબ્જામાં રહેલા તમામ ક્ષેત્રો તાત્કાલિક ખાલી કરવા માટે આહ્વાન કરીએ છીએ.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 29, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.